# ખેતી નિયામકશ્રીની કચેરી
# કૃષિભવન, ગાંધીનગર.
# અંક શાખા
# પ્રકરણ-૧ પ્રસ્તાવના

- ભારત સરકારશ્રીએ તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલમાં આવેલ તે પ્રમાણે માહિતી અધિકાર અધિનીયમ, ૨૦૦૫ની રચના કરેલ છે જે મુજબ ભારતનો કોઇ પણ નાગરિક નિયત ફી ચૂકવી અથવા ગરીબી રેખાથી નીચે જીવતો હોય તો વિના મૂલ્યે સરકારશ્રી પાસેથી માહિતી માગી શકે છે.
- આ પુસ્તિકા દ્વારા ખેતી ખાતાને લગતી માહિતી નાગરિકો મેળવી શકે તે અંગેની વિગત આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.
- આ પુસ્તિકા માહિતી મેળવવા ઇચ્છતા ભારતના કોઇપણ નાગરિકને ઉપયોગી નીવડશે.
- આ પુસ્તિકામાં પ્રકરણ ૧ થી ૧૭ માં માહિતી પત્રકવાર અને અથવા મુદ્દાવાર આપવામાં આવેલ છે. સદરહુ માહિતી અધ્યતન કરવામાં આવી રહી છે.
- આ અંગે માહિતી આર.ટી.આઇ.એક્ટ ૨૦૦૫ની ગુજરાતી નકલમાં તેમજ આ અંગેના નિયમો દર્શાવવામાં આવેલ છે. તે મુજબ વ્યાખ્યાઓ ધ્યાને લેવાની રહેશે.
- આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ કઇ માહિતી માગી છે તેના આધારે કહી શકાશે. અરજી પત્રકની ફી રૂ.૨૦.૦૦ છે અને એક પાનાદીઠ માહિતીના રૂ.૨.૦૦ તેમજ સીડી અથવા ફ્લોપીમાં માહિતી માટે રૂ. ૫૦.૦૦ ફી પેટે ચૂકવવાના રહેશે. ગરીબી રેખાની નીચે જીવતા નાગરિકે કોઇપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી પરંતુ પોતે ગરીબી રેખા હેઠળ જીવે છે તે અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

# પ્રકરણ-૨

## શાખાની વિગતો, કાર્યો અને ફરજો

- અંક શાખા ઇકોસ્ટેટ વિભાગની શાખા છે. જેમાં પ્રધાન મંત્રી ફસલ વિમા યોજના, પાક કાપણી અખતરા, વેધરવોચ અને ફોરકાસ્ટ જેવી યોજનાઓ કાર્યરત છે.
- **પાક કાપણી અખતરા/ પાક અંદાજ મોજણી યોજના**

○ **યોજનાના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે**.

- જીલ્લા કક્ષાએ તથા રાજ્ય કક્ષાએ એક હેકટરે કેટલું સરેરાશ ઉત્પન્ન થાય છે તે અંદાજવા માટે.
- પાક્ના ઉત્પન્નના વિશ્વાસપાત્ર વર્તારાઓ માટે જરૂરી માહિતી સમયસર પુરી પાડવા માટે.
- યોગ્ય સમયે જીલ્લા ક્ક્ષાએ પાક્વાર સામાન્ય (Normal) અને ધોરણસર(Standard) ઉપજ નક્કી કરવા માટે.
- હેકટરદીઠ ઉપજના આધારે પાક વીમાના દાવાઓ નક્કી કરવા માટે.

### કાર્યો અને ફરજો :

- રાજયમાં પાક ઉત્પાદન જાણવા માટે ખેતીવાડી ખાતા ધ્વારા મુખ્ય પાકો પર પાક કાપણી અખતરા ગોઠવવામાં આવે છે જેને આધારે તાલુકાવાર હેકટરદીઠ ઉપજ નકકી કરવામાં આવે છે.
- દરેક તાલુકામાંથી વાવેતર વિસ્તારની વિગત તાલુકા વિકાસ અધિકારી પાસેથી મેળવવામાં આવે છે.
- પાક કાપણી અખતરા આધારિત તાલુકાવાર હેકટરદીઠ ઉપજ તથા તાલુકાવાર વાવેતર વિસ્તારને આધારે જે તે પાકનું જિલ્લાવાર તથા રાજયનું કુલ ઉત્પાદન નકકી કરવામાં આવે છે.
- પાક કાપણી અખતરા ગોઠવવાની કામગીરી ગ્રામસેવકો દવારા કરવામાં આવે છે.
- વર્ષ દરમ્યાન ગોઠવવાના પાક કાપણી અખતરાઓનું આયોજન આપી ગ્રામસેવકોને તાલીમ આપવામાં આવે છે.
- ગુજરાત રાજયમાં ખરીફ અને રવિ-ઉનાળુ ઋતુ દીઠ  આશરે ૭૦૦૦૦ જેટલા પાક કાપણી અખતરા ગોઠવવામાં આવે છે.
- પાક કાપણી અખતરા થ્રી સ્ટેજ સીમ્પલ રેન્ડમ સેમ્પલીંગ પધ્ધતિથી ગોઠવવામાં આવે છે.
- **પાક કાપણી અખતરા નીચે આવરી લેવાતા પાકો**

| | | |
|---|---|---|
| (1) | અનાજ | : ખ.ડાંગર, ખ.બાજરી , ખ.જુવાર , મકાઇ , રાગી , રવી જુવાર , ઘઉં(પિયત), ઘઉં(બિનપિયત) , ઉનાળું બાજરી ,ઉનાળું ડાંગર. |
| (2) | કઠોળ | : ચણા,મગ,મઠ,અડદ,તુવેર ઉનાળું મગ, ઉનાળું મઠ, ઉનાળું અડદ |
| (3) | તેલીબીયાં | : ખ.મગફળી,ઉનાળું મગફળી,તલ,એરંડા, રાઇ-સરસવ,સોયાબીન |
| (4) | રેષાવાળા | : ક્પાસ(પિયત), ક્પાસ(બિનપિયત) |
| (5) | દવા અને કેફી પદાર્થ | : તમાકુ ,ધોડાજીરૂ |
| (6) | મરી મસાલા | : જીરૂ , વરિયાળી |
| (7) | ફળ અને શાક્ભાજી | : કેળા , કેરી , જામફળ , બટાટા , ડુંગળી , લસણ, ઉનાળું ડુંગળી |
| (8) | રોકડીયા પાક | : શેરડી |

## ગુજરાત રાજયમાં પાક કપણીના અખતરા રેન્ડમ પધ્ધતિથી ગોઠવવાની કાર્યપધ્ધતિ

- દર વર્ષે મુખ્ય પાકોની હેકટર દીઠ ઉપજ નકકી કરવા માટે ખેતીવાડી ખાતા તરફથી રેન્ડમ પધ્ધતિથી પાક કાપણીના અખતરાઓ ગોઠવવામાં આવે છે.ખરીફ-૧૯ રૂતુ દરમ્યાન પ્રધાન મંત્રી ફસલ વીમા યોજનાના ઠરાવ મુજબ તાલુકાને વીમા યુનિટ ઠરાવેલ છે. જેમાં તાલુકાના કુલ ગામો પૈકી ૨૦ ટકા ગામોમાં પાક કાપણી અખતરા અને તાલુકામાં ઓછામાં ઓછા ૧૬ પાક કાપણી અખતરા ગોઠવાય તે મુજબ આયોજન કરવાનું થાય.
- રાજયના મુખ્ય પાકોના વાવેતર વિસ્તારને આધારે પાકવાર પાક કાપણી અખતરાઓની સંખ્યા નકકી કરવામાં આવે છે અને જિલ્લા તેમજ તાલુકા  કક્ષાએ જે તે પાકના વાવેતર વિસ્તારને આધારે તેની ફાળવણી કરવામાં આવે છે.
- રાજયમાં કુલ ૩૩ જેટલા પાકો માટે આશરે ૫૦,૦૦૦ જેટલા પાક કાપણી અખતરા ગોઠવવામાં આવે છે.
- રાજયમાં આવેલ દરેક તાલુકાઓમાંથી કેન્દ્ર સરકરશ્રીની યોજના (TRS )માં પાંચ વર્ષમાં દરેક ગામને આવરી લેવાય તે મુજબ દર વર્ષે ૨૦ % ગામો પસંદ કરવામાં આવે છે. આ ૨૦ % ગામોમાંથી પાક કાપણી અખતરાઓ માટે રેન્ડમ પધ્ધતિથી પાકવાર નિયત થયેલ સંખ્યામાં ગામો પસંદ કરવામાં આવે છે.
- પાક કાપણી અખતરા ગોઠવવાની કામગીરી ખેતીવાડી ગ્રામસેવક ધ્વારા કરવામાં આવે છે.
- દરેક પસંદ કરેલ ગામમાં અખતરાનો પાક ઉગાડતા બે ખેતર રેન્ડમ પધ્ધતિથી પસંદ કરવામાં આવે છે. આના માટે ગામમાં પાક ઉગાડતા બધા સર્વે નંબરોમાંથી બે સર્વે નંબરો ભાગાકાર પધ્ધતિથી પસંદ કરવામાં આવે છે. આ પધ્ધતિ નીચે પ્રમાણે છે.

  ( ૧ ) દરેક પસંદ થયેલ ગામ માટે બે ચાર અંકી રેન્ડમ નંબર ફાળવવામાં આવે છે.

  ( ૨ ) ગામના કુલ સર્વે નંબર વડે આ ચાર અંકી રેન્ડમ નંબરને ભાગવામાં આવે છે.

( ૩ ) ભાગાકાર કરતાં જે શેષ વધે તે સર્વે નંબર અખતરા માટે પસંદ કરવામાં આવે છે.જો શેષ શૂન્ય વધે તો ગામના કુલ સર્વે નંબરનો છેલ્લો નંબર પસંદ ક્રવામાં આવે છે.જો ફાળવેલ રેન્ડમ નંબર ગામના કુલ સર્વે નંબર કરતાં નાનો હોય તો આપેલ રેન્ડમ નંબરવાળો સર્વે નંબર અખતરા માટે પસંદ થશે. આ રીતે પસંદ થયેલ સર્વે નંબરમાં અખતરા  હેઠળના પાકનું વાવેતર ન હોય તો તે પછીના ક્રમ મુજબના સર્વે નંબરમાં વાવેતર હોય તે સર્વે નંબર અખતરા માટે પસંદ થાય છે.

- પસંદ થયેલ સર્વે નંબરમાં પોટ હિસ્સા હોય અને એક કરતાં વધારે પોટ હિસ્સામાં અખતરાવાળા પાકનું વાવેતર થયેલ હોય તો, અખતરા માટે પોટ હિસ્સાની પસંદગી પણ ઉપર મુજબની ભાગાકાર પધ્ધતિથી કરવામાં આવે છે.
- પસંદ થયેલ સર્વે નંબર / પોટ હિસ્સામાં અખતરા હેઠળના પાકનું વાવેતર એક કરતાં વધારે ખેતરમાં હોય તો , નૈઋત્ય ખૂણાથી નજીકનું ખેતર પસંદ કરવામાં આવે છે.
- પસંદ થયેલ ખેતરમાં રેન્ડમ પધ્ધતિથી પાક વાર ૫ × ૫ મીટર અને ૧૦ × ૫ મીટર મુજબના માપનો પ્લોટ પસંદ ક્રવામાં આવે છે.
- રેન્ડમ પધ્ધતિથી પસંદ થયેલ પ્લોટમાં પાકની કપણી / વીણી અવસ્થાએ ખેતીવાડી ખાતાના ગ્રામસેવકો તરફથી ખેડૂત તથા ગામના આગેવાન ખેડૂતો વગેરેની ઉપસ્થિતિમાં પાકની કાપણી / વીણી કરી તેનું વજન નોંધવામાં આવે છે અને કેટલાક પાકોમાં સુક્વણી કરી ભેજના ટકા નકકી કરવામાં આવે છે.

- ગ્રામસેવકો ધ્વારા ગોઠવવામાં આવતા પાક કાપણી અખતરા પૈકી કેટલાક અખતરાઓનું ખેતીવાડી ખાતા , પંચાયતના તેમજ કેન્દ્ર સરકારશ્રીના અધિકારીઓ મારફત સુપરવીઝન કરાવવામાં આવે છે.તેમજ પાક કાપણી અખતરાના ઉત્પાદન PMFBY હેઠળ વીમાના દાવા ચુકવવામાં થતો હોય વીમા કંપનીના પ્રતિનિધિ દ્વારા પણ પાક કાપણી અખતરાનું કાપણી સમયે સુપર વિઝન કરવામાં આવે છે.
- પાક કાપણી અખતરાના પત્રકો જિલ્લા કક્ષાની નાયબ ખેતી નિયામકશ્રી (વિ) કચેરીમાં એકત્રિત કરવામાં આવે છે તથા તેના આધારે પાકવાર / તાલુકાવાર હેકટર દીઠ ઉપજ નકકી કરવામાં આવે છે.
- તાલુકાવાર હેકટર દીઠ ઉપજના આધારે જિલ્લા તેમજ રાજયના ઉત્પાદનની વિગતો તૈયાર કરવામાં આવે છે.

**ગ્રામસેવક** :

- દર વર્ષે યોજાતી પાક કાપણી અખતરાની તાલીમમાં અચૂક હાજર રહેવુ તથા સંપૂર્ણ તાલીમ લેવી.
- આયોજન મુજબ જે તે પાક માટે પસંદ થયેલ ગામમાં નિયત પધ્ધતિ મુજબ અખતરા ગોઠવવાની કામગીરી કરવી.
- પાક કાપાણી અખતરાના પત્રકો સમયસર આપવાના રહેશે.

  પત્રક-૧ પાક કાપણી સમયે ભરવાના રહેશે

  પત્રક-૨ પાક કાપણી સમયે ભરવાના રહેશે

  પત્રક-૩ સુકવણીનો અખતરો પૂર્ણ થયેથી તરત જ
- પાક કાપણી અખતરાઓની કાપણીની તારીખો ગ્રામસેવકોએ સંબંધિત નિરીક્ષક અધિકારીશ્રી અને વીમા કંપનીના પ્રતિનીધીને સમયસર ટેલીફોનથી તથા લેખિતમાં જણાવવી.
- પાકા કાપણી અખતરાની કાપણીની તારીખ પહેલાં પંચાયતની ઓફિસે કાપણીની તારીખની જાહેરાત કરી ગામના આગેવાન ખેડૂતો, સરપંચ, પંચાયતના સભ્ય, પ્રગતિશીલ ખેડૂતો, ધારાસભ્યશ્રી, બેંકના પ્રતિનિધિ, તલાટી કમ મંત્રી વગેરેને હાજર રહેવા જણાવવું તથા ઉપસ્થિત ખેડૂતોની રૂબરૂમાં કાપણી કરાવી પત્રક-૨ માં પરિણામોની વિગત નોંધી હાજર રહેલ ખેડૂતોની સહી લેવી.
- વીમા કંપનીના પ્રતિનીધીને કાપણી સમયે હાજર રહેવા જણાવવું
- પાક કાપણી અખતરા અંગે સંબંધિત અધિકારી દ્વારા માંગવામાં આવતી વિગતો પૂરી પાડવી.
- પાક કાપણી અખતરા અંગે સંબંધિત અધિકારી દ્વારા આપવામાં આવતી સુચનાઓનો અમલ કરવો.

આમ, પાક કાપણી અખતરા નિયત પધ્ધતિ મુજબ સમયસર ગોઠવવાની તથા તેના પત્રકો સમયસર રજુ કરવાની સંપૂર્ણ જવાબદારી ગ્રામસેવકની રહેશે.

**વિસ્તરણ અધિકારી (ખેતી)** :

- પોતાના કાર્યક્ષેત્રમાં ગોઠવવાના થતા પાક કાપણી અખતરાઓ દરેક ઋતુમાં ગ્રામસેવકો દ્વારા સમયસર ગોઠવાય તે જોવાનું રહેશે. તાલીમમાં હાજરી આપવી.
- ગ્રામસેવકો દ્વારા પાક કાપણી અખતરાઓના પત્રકો ભરીને સમયસર આપવામાં આવે તે જોવાનું રહેશે.
- પોતાને પ્રત્યક્ષ નિરીક્ષણ માટે સોંપવામાં આવેલા અખતરાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવાનું રહેશે.
- તાલીમના પ્રથમ દિવસે પાકા કાપણી અખતરા ગોઠવવા માટેના ગામોની પસંદગીમાં જરૂરી સહયોગ આપવો. જે તે પાક મુજબના યોગ્ય પત્રકો પર ફાળવવામાં આવેલ ચાર અંકી રેન્ડમ નંબર લખવાના રહેશે. તથા તાલીમના બીજા દિવસે પત્રકો અખતરા ગોઠવવા માટે ગ્રામસેવકોને ફાળવી આપવાના રહેશે.
- પાક કાપણી અખતરાની કામગીરી અંગે સંબંધિત અધિકારી દ્વારા આપવામાં આવતી સુચનાઓનો અમલ કરવો.

<u>**ખેતીવાડી અધિકારી**</u> :

- પાક કાપણી અખતરાના પત્રકોની ચકાસણીની કામગીરીની તાલુકા કક્ષાએ જવાબદારી રહેશે.
- દર વર્ષે યોજાતી પાક કાપણી અખતરાની તાલીમમાં બંને દિવસોએ અચૂક હાજર રહેવુ તથા તાલીમ અધિકારીને સંપૂર્ણ સહયોગ આપવો.
- આયોજન મુજબના પાક કાપણી અખતરા ગોઠવવા માટે ગ્રામસેવકોને જે તે પાકના યોગ્ય પત્રકોમાં ચાર અંકી રેન્ડમ નંબર સહિત પૂરા પાડવા.
- તાલીમ વર્ગમાં ગેરહાજર રહેલા ગ્રામસેવકોને તથા વિસ્તરણ અધિકારી (ખેતી)ને સંબંધિત ખેતીવાડી અધિકારીઓએ તાલીમ આપવી.
- પાક કાપણી અખતરાના પત્રકો ગ્રામસેવકો પાસેથી મેળવી પત્રકની તમામ વિગતોની ચકાસણી કરી તુરંત જ જે તે જિલ્લાની નાયબ ખેતી નિયામકશ્રી ની કચેરીએ મોકલી આપવાનું રહેશે. આમ, તમામ પત્રકો નિયત સમયમર્યાદામાં જે તે જિલ્લાની નાયબ ખેતી નિયામકશ્રી કચેરીને મોકલી આપવાની જવાબદારી રહેશે.
- ખેતીવાડી અધિકારીએ પાક કાપણી અખતરાનું રજિસ્ટર નિભાવવાનું રહેશે. જેમાં પસંદ થયેલ ગામોની વિગત તેમજ મોકલાવેલ પત્રકોની વ્યવસ્થિત નોંધ રાખવાની રહેશે તથા પત્રકોની પરિસ્થિતિ અંગે સંબંધિત મદદનીશ ખેતી નિયામક(વિસ્તરણ) તા.મુ.યોજનાને વાકેફ કરવાના રહેશે.
- ગ્રામસેવકોએ ભરીને આપેલ પાક કાપણી અખતરાના પત્રકોની ચકાસણી ખેતીવાડી અધિકારીએ કરવાની રહેશે.
- જો કોઇ અખતરાના પ્લોટનું ઉત્પન્ન ઘણું જ વધારે અથવા ઘણું જ ઓછુ આવતું હોય તો પત્રકની ચકાસણી કરનાર ખેતીવાડી અધિકારીએ નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)ને વાકેફ કરવાના રહેશે.
- પોતાને પ્રત્યક્ષ નિરીક્ષણ માટે સોંપવામાં આવેલા અખતરાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવાનું રહેશે.
- પાક વીમા યોજના હેઠળ જે તે પાક માટે નોટીફાઇડ કરેલ ડીફાઇન વિસ્તારમાં પાક કાપણી અખતરાનું આયોજન કરવામાં આવતું હોય છે આમ આ ઉપરાંત જે પાકનો વિસ્તાર તાલુકા કક્ષાએથી દર્શાવેલ હોય અને ત્યાં નોન ડીફાઇન એરીયા તરીકે પાક કાપણી અખ્તરનું આયોજન કરવાના થાય તો તે અંગેનું આયોજન કરવું અને તેના ચાર અંકી રેન્ડમ નંબરો પણ ગ્રામસેવકોને ફાળવી આપવા.
- પસંદ થયેલ ગામમાં જો મોજણી હેઠળના પાકનું વાવેતર ન હોય તો તલાટીનું તે બાબતનું લખાણ ગ્રામસેવક પાસેથી મેળવી નિયત પધ્ધતિ પ્રમાણે સમયસર ગામ બદલવાનું રહેશે તથા અગ્રીમતાના ધોરણે જે તે સંબંધિત ગ્રામસેવકને અખતરો ગોઠવવા માટે ફાળવી આપવાનું રહેશે.
- □□□ દ્વારા તૈયાર કરવામાં આવેલ કોમ્પ્યુટર ઓનલાઇન નેટવર્કીંગ મોડયુલમાં પાક કાપણી અખતરાના પત્રક-૧, ૨ તથા ૩ ની માહિતી વિસ્તરણ અધિકારી/ગ્રામસેવક પાસે દાખલ કરાવવાની રહેશે.
- પાક કાપણી અખતરાની કાપણીની મંજુરીનાં નાણાંની ચૂકવણી માટે સફળતાપૂર્વક ગોઠવાયેલ અખતરાઓની વિગતો પૂરી પાડવાની રહેશે.
-

**<u>મદદનીશ ખેતી નિયામક (વિસ્તરણ)</u>** :

- પાકા કાપણી અખતરાની કામગીરીની પેટા વિભાગીય કક્ષાએ સંપૂર્ણ જવાબદારી રહેશે.
- પાક કાપણી અખતરા ગોઠવવા માટે દર વર્ષની શરૂઆતમાં ખાતા કક્ષાએથી મોકલવામાં આવતી ટીકમાર્ક યાદીમાં ટીકમાર્ક કરાવી નિયત સમયમર્યાદામાં ખાતાની કચેરીએ પરત મોકલી આપવાની રહેશે.
- તાલીમ કાર્યકમ મુજબ તાલીમ વર્ગનું આયોજન કરવું તથા તમામ ગ્રામસેવકો અને વિસ્તરણ અધિકારી(ખેતી) અચૂક તાલીમ લે તે જોવું.
- દર વર્ષે યોજાતી પાક કાપણી અખતરાની તાલીમમાં બંને દિવસોએ અચૂક હાજર રહેવું તથા વહીવટી તથા તાંત્રિક પ્રશ્નોનું નિરાકરણ લાવવું.
- આયોજન મુજબના તમામ પાક કાપણી અખતરા સમયસર ગોઠવવા માટે સંબંધિત ગ્રામસેવકોને ફાળવી આપવાના રહેશે. ખાલી જગ્યાના કારણે કે અન્ય કોઈપણ કારણસર અખતરા ન ગોઠવાય તેવું બનવા ન પામે તે જોવાનું રહેશે. જરૂર જણાય ત્યાં અન્ય ગ્રામસેવકને કામગીરી પૂર્ણ કરાવવાની રહેશે.
- પાક કાપણી અખતરા અંગે ગ્રામસેવકોને યોગ્ય માર્ગદર્શન આપવું.
- પાક કાપણી અખતરા નિયત પદ્ધતિ મુજબ સમયસર ગોઠવાય તથા તેના પત્રકો ગ્રામસેવકો દ્વારા સમયસર ખેતીવાડી અધિકારીને આપવામાં આવે તે જોવાનું રહેશે.
- તમામ મીટીંગોમા તથા રૂબરૂ સપર્ક વખતે પાક કાપણી અખતરાની કામગીરી તથા પત્રકો મોકલાવ્યા બાબતની સમિક્ષા કરવાની રહેશે. ફેરણા કાર્યકર્મ દરમ્યાન પણ પાક કાપણી અખતરાની તપસ કરવી.
- પોતાના પ્રત્યક્ષ નિરીક્ષણ માટે સોપવામાં આવેલ અખતરાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરવાનું રહેશે.
- ખાતા કક્ષાએથી, વિભાગીય કક્ષાએથી કે જિલ્લા કક્ષાએથી પાક કાપણી અખતરાની કામગીરી અંગે આપવામાં આવતી સૂચનાઓનું અમલીકરણ કરવું.
- વીમા યોજના હેઠળ આવરી લેવાયલ વિસ્તારના તમામ પાક કાપણી અખતરાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ થાય તે જોવું.
- ગ્રામસેવકોને જરૂરી વસ્તુઓ જેવી કે પત્રકો, રેન્ડમ બુક, મેજર ટેપ, ત્રાજવા-તોલા વગેરે પૂરા પાડવા માટે જરૂરી કાર્યવાહી કરવી.
- પાક કાપણી અખતરાની કાપણીની મજૂરીનાં નાણાં સમયસર ચૂકવાય તે માટે જરૂરી કાર્યવાહી કરવી.

**<u>જિલ્લા ખેતીવાડી અધિકારી</u>**:

- પાક કાપણી અખતરા ગોઠવવાની કામગીરીની જિલ્લા કક્ષાએ સંપૂર્ણ જવાબદારી રહેશે.
- પાક કાપણી અખતરાની કામગીરી જેવી કે તાલીમ કાર્યકમ, આયોજન મુજબ તમામ પાક કાપણી અખતરા નિયત પદ્ધતિ મુજબ સમયસર ગોઠવાય, ગ્રામસેવકો દ્વારા પત્રકો સમયસર આપવામાં આવે, વીમા યોજના હેઠળનાં તમામ પાક કાપણી અખતરાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ થાય વગેરે કામગીરીનું સતત મોનીટરીંગ કરવાનું રહેશે.
- પાક કાપણી અખતરાઓનાં સચોટ અને વિશ્વાસપાત્ર પરિણામો મળે તે માટે કાપણી સમયે અખતરાઓનાં પ્રત્યક્ષ નિરીક્ષણની કામગીરીનું જિલ્લા કક્ષાએ મોનીટરીંગ કરવાનું રહેશે.
- ખાતા કક્ષાએથી પ્રત્યક્ષ નિરીક્ષણ સોપવામાં આવતું હોય છે આમ છતાં પ્રત્યક્ષ નિરીક્ષણ સોપવાનું બાકી હોય તે ગામોના અખતરાઓનું પ્રત્યક્ષ નિરીક્ષણ સોપવાનું રહેશે.

- ખાતા કક્ષાએથી કે વિભાગીય કક્ષાએથી પાક કાપણી અખતરાની કામગીરી અંગે આપવામાં આવતી સૂચનાઓનું અમલીકરણ કરવું.
- પાક કાપણી અખતરાની કામગીરીમાં ગ્રામસેવકોને તથા સબંધિત અધિકારીઓને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ કરવું.
- દરેક ઋતુમાં પસંદ થયેલા ગામોનું પહાણીપત્રક(૭/૧૨) સમયસર તેયાર કરવાની સુચના તલાટીઓને આપવા તાલુકો વિકાસ અધિકારીશ્રીઓને જણાવવા જિલ્લા વિકાસ અધિકારીશ્રીને રજૂઆત કરવી.
- દર માસે પાક કાપણી અખતરાની કામગીરીની સમીક્ષા કરવી.
- ગ્રામસેવકોને મેજર ટેપ, ત્રાજવા-તોલા વગેરે પૂરા પાડવા માટે જરૂરી કાર્યવાહી કરવી.
- પાક કાપણી અખતરાની કાપણીની મજૂરીનાં નાણાં સમયસર ચૂકવાય તે માટે જરૂરી કાર્યવાહી કરવી.
- પાક કાપણી અખતરાઓની રેન્ડમ ચકાસણી કરવી.

**<u>નાયબ ખેતી નિયામક (વિસ્તરણ)</u>**

- આપના જિલ્લાના તમામ તાલુકાના પાક કાપણી અખતરાના પત્રકો સમયસર મેળવી પાક વાર ડેટાનું એનાલિસિસ કરી ઉત્પાદનના આંકડાની ગણતરી કરવવાની રહેશે.
- પાક કાપણી અખતરાના પત્રકોની ચકાસણી ખેતીવાડી અધિકારી/ખેતી મદદનીશ દ્વારા ચોકસાઇપૂર્વક કરવામાં આવે તથા ક્ષતિરહિત પત્રકો મોકલવામાં આવે તે જોવું.
- અખતરાના ડેટાના એનાલિસિસ બાદ તમામ પાકના ડેટા DLMC ની મીટિંગ બોલાવી ડેટા મંજૂર કરાવી જે તે વીમા કંપનીને સબમિટ કરવાના રહેશે.
- સોપવામાં આવેલ પ્રત્યક્ષ નિરીક્ષણ કે તપાસની કામગીરી કરી ખાતાને સ્પષ્ટ અભિપ્રાય સાથે અહેવાલ મોકલી આપવાનો રહેશે.
- દર માસે પાક કાપણી અખતરાની કામગીરીની સમિક્ષા કરવી.
- ગામના ૭/૧૨ (પહાણી પત્રક) ગ્રામ્ય સ્તરે ઉપલબ્ધ થાય તે માટે આર.ઓ.મીટિંગમા જિલ્લા કલેકટરશ્રીને રજૂઆત કરવી.
- ખાતા કક્ષાએથી કે વિભાગીય કક્ષાએથી પાક કાપણી અખતરાની કામગીરી અંગે આપવામાં આવતી સૂચનાઓનું અમલીકરણ કરવું.
- પાક કાપણી અખતરાઓની રેન્ડમ ચકાસણી કરવી.
- જે તાલુકામાં હેક્ટર દીઠ ઉપજ ઓછી આવતી હોય તેમાં ઉત્પન્ન ઓછુ આવવા અંગે સંબંધિત અધિકારીશ્રીઓ પાસેથી વિગતવાર અહેવાલ સમયસર મંગાવવો.

**<u>સંયુક્ત ખેતી નિયામક (વિસ્તરણ)</u>**

- પાક કાપણી અખતરાની કામગીરીની વિભાગીય કક્ષાએ મોનીટરીંગની જવાબદારી રહેશે.
- પાક કાપણી અખતરાની કામગીરી જેવી કે તાલીમ કાર્યક્રમ, આયોજન મુજબ તમામ પાક કાપણી અખતરા નિયત પધ્ધતિ મુજબ સમયસર ગોઠવાય, પત્રકો ક્ષતિરહિત તથા સમયસર ખાતાની કચેરીને મળે, વિમા યોજના હેઠળના તમામ પાક કાપણી અખતરાઓનુ પ્રત્યક્ષ નિરીક્ષણ થાય વગેરે કામગીરીનું સતત મૉનીટરીંગ કરવાનું રહેશે.

- ગ્રામસેવકોને મેજર ટેપ,ત્રાજવા-ત્તોલા વગેરે પુરા પાડવા માટ ખરીદીનો કાર્યવાહી કરવી.
- પાક કાપણી અખતરાઓના સચોટ અને વિસ્વાસપાત્ર પરિણામો મળે તે માટે કાપણી સમયે અખતરાઓના પ્રત્યક્ષ નિરીક્ષણની કામગીરીનું વિભાગીય કક્ષાએ મોનીટરીંગ કરવાનું રહેશે.
- પાક કાપણી અખતરાની કામગીરીમાં ગ્રામસેવકોને તથા સંબંધિત અધિકારીઓને પડતી મુશ્કલીઓનુ નિરાકરણ કરવુ.
- ખતા કક્ષાએ પાક કાપણી અખતરાની કામગીરી અંગે આપવામાં આવતિ સુચનાઓનુ અમલીકરણ કરાવવું.
- પાક કાપણી અખતરાઓની રેંન્ડમ  ચકાસણી કરવી.

## <u>પાક કાપણી અખતરા માટે રાજ્ય કક્ષાએ ખેતીવાડી અધિકારીની કામગીરી</u>

- દર વર્ષે ટી.આર.એસ. તથા નોન ટી.આર.એસ. ગામોની યાદી મેળવી બંને યાદીનું અલગ અલગ રેન્ડમાઇઝેશન કરી અખતરા ગોઠવવા માટેના કામચલાઉ પસંદ ગામોની યાદી (ટીકમાર્ક યાદી) તાલુકાવાર તૈયાર કરવી તથા તાલુકાવાર ટીકમાર્ક યાદી બે નકલમાં  સંબંધિત પેટાવિભાગમાં ટીકમાર્ક માટે મોકલી આપવી તથા ટીકમાર્ક કરાવેલ એક નકલ સમયસર પરત મેળવી લેવી.
- દરેક પાકના છેલ્લા ત્રણ વર્ષના જિલ્લાવાર/તાલુકાવાર વાવેતર વિસ્તારને આધારે પાક કાપણી અખતરાઓનું આયોજન કરવું. પાક વીમા યોજના અંતર્ગત ડીફાઇન વિસ્તારમાં મુખ્ય પાક તરીકે નોટીફાઇડ થયેલ હોય ત્યાં ચાલુ વર્ષે પ્રધાન મંત્રી ફસલ વીમા યોજનાના ઠરાવ મુજબ તાલુકાના કુલ ગામો પૈકી ૨૦ ટકા ગામોમાં પાક કાપણી અખતરાનું આયોજન થયેલ છે તે જોવાનું રહેશે
- આયોજનના ગામોની સંખ્યા મુજબ જે તે પાક માટે ચાર અંકી રેન્ડમ નંબરની ફાળવણીની તાલુકાવાર યાદી બે નકલમાં તૈયાર કરવી.
- દર વર્ષે ગ્રામસેવકો તથા નિરીક્ષક અધિકારીઓને તાલીમ આપવી.
- ખેતીવાડી ખાતા/પંચાયત/બીજ નિગમ/જમીન વિકાસ નિગમ/બાગાયત/બીજ પ્રમાણન એજન્સીના અધિકારીઓને પાક કાપણી અખતરાઓના પ્રત્યક્ષ નિરીક્ષણની સોંપણી કરવી/કરાવવી તથા સમયસર જાણ કરવી. ડીફાઇન વિસ્તારના પ્રત્યક્ષ નિરીક્ષણ સોંપણી કરવાના બાકી રહેલ ગામોની યાદી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીને મોકલી આપી જિલ્લા કક્ષાએથી પ્રત્યક્ષ નિરીક્ષણની સોંપણી કરાવવી.
- અખતરા નિયત પધ્ધતિ મુજબ અચૂક ગોઠવાય તે અંગેનું સુચારૂ આયોજન કરવું.
- અખતરા ગોઠવવા માટે પત્રકો, રેન્ડમ બુક પૂરા પાડવા. પત્રકો, રેન્ડમ બુક , રજિસ્ટર વગેરે છપાવવાના થતા હોય તો તે અંગે સમયસર છાપકામ કરાવવું.
- અખતરા ગોઠવવા માટે મેજરટેપ, વજન-કાંટા વગેરે ગ્રામસેવકોને પૂરા પાડવા માટે જરૂરી કાર્યવાહી કરવી.
- પાક કાપણી અખતરાની કાપણી માટેની મજૂરીની ગ્રાન્ટ ફાળવણી માટે સમયસર કાર્યવાહી કરવી.
- સામાન્ય અને ધોરણસરની ઉપજના આંકડા સમયસર તૈયાર કરાવી સરકારશ્રીને મોકલી આપવા તથા ભેજના ટકાની માહિતી દર વર્ષે તમામ જિલ્લા કલેકટરશ્રીઓને અચૂક મોકલી આપવી.
- રાજ્ય તથા કેન્દ્ર સરકારશ્રી તરફથી આવતા પત્રો અંગે જરૂરી કાર્યવાહી કરવી તેમજ એન.એસ.એસ.ઓ. ફરીદાબાદ સાથે જરૂરી પત્રવ્યવહાર કરવો.

- કૃષિ  વિષયક આંકડાકીય બાબતોની ઉચ્ચ કક્ષાની સંકલન સમિતિ(HLCC)ની બેઠકનું સમયસર આયોજન કરવું.
- અધિકારી / કર્મચારીને જે પાકની કામગીરી સોંપવામાં આવેલ હોય તે પાકની પાક કાપણી અખતરાની તમામ કામગીરી જવાબદારી પૂર્વક કરવાની રહેશે.
- રાજયમાં પ્રધાન મંત્રી ફસલ વીમા યોજના અમલમાં હોઇ તાલુકાવાર હેક્ટરદીઠ ઉપજની વિગતો જે તે વીમા કંપનીને નકકી કરેલ તારીખ પહેલાં મોક્લી આપવી આવશ્યક છે તેથી હેક્ટર દીઠ ઉપજના આંકડા સમયસર ક્ષેત્રીય કક્ષાએથી જે તે વીમા કંપનીને મળી રહે તે અંગે જરૂરી પત્ર વ્યવહાર કરવો.
- મંજુર કરવામાં આવેલા તાલુકાવાર હેક્ટરદીઠ ઉપજના આંકડા તાત્કાલિક પાક વીમા ટેબલે આપવાના રહેશે.
- પોતે જે પાકની કામગીરી સંભાળતા હોય તે પાકનું રેકર્ડ વ્યવસ્થિત રીતે નિભાવવાનું રહેશે. હાર્ડ કોપીની સાથે સાથે પોતાને લાગુ પડતા તમામ ડેટા તથા ફાઇલો કોમ્પુટરમાં સોફ્ટ કોપીમાં પણ વ્યવસ્થિત રીતે સાચવી રાખવા.
- વાવેતર વિસ્તાર ઉપલબ્ધ થયે અંતિમ પાક વર્તારો (Final Forecast) તૈયાર કર્યા બાદ તુરંત દરેક પાકના વિવિધ પૃથ્થકરણ અહેવાલ (Analysis Report) તૈયાર કરી એન.એસ.એસ.ઓ. ફરીદાબાદને મોકલી આપવા.
- પ્રધાન મંત્રી ફસલ વિમા યોજના અંતર્ગત CCE Agri App પર ક્ષેત્રીય કક્ષાએથી પાક કાપણી અખતરા વ્યવ્સ્થીત ઓનલાઇન અપલોડ કરવા માટે પડતી મુશકેલીઓને નિવારવા અંગે જરૂરી માર્ગદર્શન ભારત સરકારશ્રી કક્ષાએથી મેળવી ક્ષેત્રીય કક્ષાએ તે અંગે માહિતગાર કરવા.
- જે તે પાક માટે માગવામાં આવતી માહિતિ તાત્કાલિક પૂરી પાડવી.
- ક્ષેત્રીય કચેરીઓ દ્વારા માર્ગદર્શન માગવામાં આવે ત્યારે તાત્કાલિક યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવું.
- દર વર્ષે યોજાતા તાલીમ કાર્યક્રમમાં ફાળવેલ વિભાગમાં તાલીમ આપવા જવું.
- ઉપરી અધિકારી દ્વારા સોંપવામાં આવતી કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કરવાની રહેશે.

**<u>પાક કાપણી અખતરા માટે રાજ્ય કક્ષાએ મદદનીશ ખેતી નિયામકની કામગીરી</u>**

- ડાંગર(પિયત), ડાંગર(બિનપિયત) , ખ.બાજરી, મકાઇ, રાગી, ખ.જુવાર, રવી જુવાર, ઘઉં(પિયત), ઘઉ(બિનપિયત), ચણા ,ઉનાળુ બાજરી , ઉનાળુ ડાંગર, ખ.મગફળી , તલ , તમાકુ , કપાસ (પિયત) , કપાસ (બિન પિયત) , એરંડા , તુવેર , જીરૂ , વરીયાળી , ઇસબગુલ ,બટાટા , રાઇ સરસવ , ઉનાળુ મગફળી , ગુવાર વગેરે પાકોના પાક કાપણી અખતરાની તમામ કામગીરી.
- પાક કાપણી અખતરા ગોઠવવા માટેનું આયોજન.
- ટીઆરએસ તથા નોન ટીઆરએસ ગામોની યાદી રેન્ડમાઇઝેશન કરી તાલુકાવાર ટીકમાર્ક યાદી તૈયાર કરાવી પેટાવિભાગમાં મોકલી આપવી  તથા પરત મેળવવી.
- આયોજન મુજબ દરેક અખતરા માટે ચાર અંકી રેન્ડમ નંબર ફાળવણી.
- પાક કાપણી અખતરા બે તબક્કામાં તાલીમ કાર્યક્રમ ગોઠવી તાલીમ આપવી.
- અખતરા નિયત પદ્ધતિ મુજબ અચૂક ગોઠવાય તથા તેના પત્રકો સમયસર અત્રેની કચેરીને મળે તે અંગે સતત મોનીટરીંગ કરવું.
- ખેતી અધિકારીની કામગીરીનું સતત મોનીટરીંગ કરવું.

- NSSO ફરીદાબાદ સાથે પત્રવ્યવહાર કરવો તથા પાક કાપણી અખતરાના પરિણામોને આધારે દરેક પાકના એનાલીસીસ રીપોર્ટ તૈયાર કરી NSSO ફરીદાબાદને મોકલી આપવા.
- સામાન્ય ધોરણસર ઉપજના આંકડા તૈયાર કરી સરકારશ્રીને મોકલી આપવા. ભેજના ટકાની વિગત કલેકટરશ્રીઓને મોકલી આપવી.
- નીતિવિષયક નિર્ણયો અંગે પત્રવ્યવહાર કરવો. પાક કાપણી અખતરા મોનીટરીંગ , ક્ષેત્રીય કચેરીઓ સાથે પત્રવ્યવહાર કરવો.
- પાક કાપણી અખતરા વિવિધ એજન્સીઓને સુપરવીઝન અંગેની કામગીરી.
- ક્ષેત્રીય કચેરીઓ દ્વારા માર્ગદર્શન માગવામાં આવે ત્યારે તાત્કાલિક યોગ્ય માર્ગદર્શન પુરુ પાડવું.
- રાજ્ય તથા કેન્દ્ર સરકારશ્રી તરફથી આવતા પત્રો અંગે જરૂરી કાર્યવાહી કરવી.
- પત્રક , રજિસ્ટર , રેંડમ બુક છાપકામ કરાવી સમયસર પૂરા પાડવા તથા મેજર ટેપ , વજન કાંટા પુરા પાડવા.
- HLCC મીટીંગ યોજવી.
- પાક કાપણી અખતરા કાપણી મજૂરીની ગ્રાન્ટ જોગવાઇ તથા ફાળવણી.

## પ્રકરણ-૩ અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

| અ.નં. | અધિકારી/કર્મચારીનો હોદ્દો | નાણાંકીય સત્તા | વહીવટી સત્તા | અન્ય સત્તા | ફરજો |
|---|---|---|---|---|---|
| ૧. | સંયુક્ત ખેતી નિયામક (અંક) | | | | |
| ૨ | નાયબ ખેતી નિયામક (અંક) | | | | |
| ૩. | મદદનીશ ખેતી નિયામક (પાક કાપણી અખતરા-૧, પાક કાપણી અખતરા-૨) | | | | |
| ૪. | ખેતી અધિકારી | | | | |

## પ્રકરણ-૪

### કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

(૧) ગુજરાત સિવિલ સર્વીસ રૂલ્સ

(૨) સરકારશ્રીના ઠરાવ

(૩) એસ.ઓ.ફાઇલ

(૪) પરિપત્રો

## પ્રકરણ-૫

**નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ- પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત**

-----------નથી----------

**પ્રકરણ-૬**

**જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનુ પત્રક**

--------નથી--------

**પ્રકરણ-૭**

**તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક**

| ક્રમ | કમિટીનું નામ | અધ્યક્ષ | સભ્ય સચિવ | રીમાર્ક્સ |
|---|---|---|---|---|
| ૧ | HLCC - હાઇ લેવલ કો-ઓર્ડીનેશન કમિટી | હોદ્દાની રૂએ અગ્ર સચિવશ્રી<br>કૃ. અને. સ. વિભાગ, | ખેતી નિયામકશ્રી (ગુ. રા. ગાંધીનગર) | સદર સમિતિ NSSO, કૃષિ અને સહકાર વિભાગ, ઈકોનોમીક એન્ડ સ્ટેટીસ્ટીકલ એડવાઇઝર જેવા સભ્યો સાથે બેઠક કરી અને સ્ટેટીસ્ટીકલ ડેટા મેળવવા અંગે ની કામગીરી ને સરળ અને ખામી રહીત બનાવવા અર્થે યોજવામા આવે છે. જેમાં રાજ્યમાં CES, FVM, ICS, TRS, પાક વર્તારા, અને રૂતુ અને પાક અહેવાલ સ્કીમો નો સમાવેશ થાય છે. |

**પ્રકરણ-૮**

**જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને અન્ય વિગતો**

- શ્રી એમ. જી. પટેલ
  નાયબ ખેતી નિયામક (અંક)
  રૂમ નં - ૪૧૬, ઇકોસ્ટેટ શાખા,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેકટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૨૧૦

# પ્રકરણ-૯

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

૧. નોંધ

૨. મુસદ્દો મંજૂર કરાવવો

૩. અમલીકરણ

૪. નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી ખાતાના વડા છે.

નિર્ણય લેવાની સત્તા નીચે મુજબ છે.

ખેતી નિયામક

સંયુક્ત ખેતી નિયામક

નાયબ ખેતી નિયામક

મદદનીશ ખેતી નિયામક

ખેતી અધિકારી

ખેતી મદદનીશ

## પ્રકરણ-૧૦

## અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી. પી. એસ. રબારી | સંયુક્ત ખેતી નિયામક (અંક), કૃષિભાવન, ગાંધીનગર વ એપેલેટ ઓથોરીટી |
| ૨. | શ્રી એમ. એમ. પ્રજાપતિ | નાયબ ખેતી નિયામક (ઓએસડી સીસીઇ) |
| ૩. | શ્રી એન. સી. પટેલ | મદદનીશ ખેતી નિયામક (સીઇએસ-૧) |
| ૪. | શ્રી વી. એમ. પટેલ | મદદનીશ ખેતી નિયામક (સીઇએસ-૨) |
| ૫. | સુશ્રી આર. એમ. ડઢાણીયા | ખેતી અધિકારી (સીઇએસ-૨) |
| ૬. | શ્રી બી. જે. જેઠવા | ઇ.ચા ખેતી અધિકારી (સીઇએસ-૨) |
| ૭. | શ્રી એન. વી. રાઠોડ | ઇ.ચા. ખેતી અધિકારી (સીઈએસ-૧) & (સીઈએસ-૨) |
| ૮. | શ્રી એસ. સી. પરમાર | ઇ.ચા. ખેતી અધિકારી (સીઈએસ-૧) |
| ૯. | શ્રી. ડી.પી. વાઘેલા | ખેતી મદદનીશ (ઇ.ચા. ફાર્મ હાર્વેસ્ટ પ્રાઇઝ અને ખેત મજુરી દર) |

## પ્રકરણ-૧૧

## વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારીઓ અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણુ

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | પગાર |
|---|---|---|
| ૧ | શ્રી. પી. એસ. રબારી | ૮૮૭૦૦/- |
| ૨. | શ્રી એમ. એમ. પ્રજાપતિ | ૭૧૮૦૦/- |
| ૩. | શ્રી એન. સી. પટેલ | ૫૩૧૦૦/- |
| ૪. | શ્રી વી. એમ. પટેલ | ૫૩૧૦૦/- |
| ૫. | સુશ્રી આર. એમ. ડઢાણીયા | ૪૪૯૦૦- |
| ૬. | શ્રી બી. જે. જેઠવા | ૪૪૯૦૦/- |
| ૭. | શ્રી એન. વી. રાઠોડ | ૩૯૯૦૦/- |
| ૮. | શ્રી એસ. સી. પરમાર | ૪૪૯૦૦ /- |
| ૯. | શ્રી.ડી.પી.વાઘેલા | ૧૯૯૫૦/- |

**પ્રકરણ-૧૨**

**પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર**

**માહિતી શૂન્ય છે.**

**પ્રકરણ-૧૩**

**સહાયકો કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ**

---અત્રેની શાખામાથી સહાયની કોઇ યોજના અમલમાં નથી

**પ્રકરણ-૧૪**

**આવેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો**

---માહિતી શુન્ય છે.---

**પ્રકરણ-૧૫**

**કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો**

---માહિતી શુન્ય છે.---

**પ્રકરણ-૧૬**

**વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી**

**વિજાણુરૂપે ઉપલબ્ધ કરવા પાત્ર વિવિધ યોજનાઓની માહિતી ઇન્ટરનેટ/ખાતાની વેબસાઇટ ઉપર મુકવામાં આવી રહી છે.**

**પ્રકરણ-૧૭**

**માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો**

૧. નોટીસ બોર્ડ

૨. પ્રો-એકટીવ ડીસ્ક્લોઝર

## પ્રકરણ-૧૮.

## જાહેર તંત્ર દ્વારા પૂરી પાડવામાં આવનાર અન્ય સેવાઓની વિગત.

| માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫ અંતર્ગત તાલુકવાર હેક્ટર દીઠ ઉપજના આંકડા તથા થ્રેશહોલ્ડ ઉપજ ની વિગતો ન આપવા બાબત |
| --- |
| પાક અંદાજ મોજણી યોજના હેઠળ ગુજરાત રાજયમાં થતાં મૂખ્ય પકોના પાક કાપણી અખતરા ના આધારે તાલુકવાર હેક્ટરદીઠ સરેરાશ ઉપજ અંદાજવામાં આવે છે. સદર તાલુકવાર હેક્ટરદીઠ ઉપજના આંકડા પાક વીમા યોજના હેઠળ પાક વીમાના દાવાની ગણતરી માટે પણ ઉપયોગ માં લેવામાં આવે છે. પાક વીમા યોજનામાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર બંનેનું નાણાકીય હિત સંકળાયેલું  છે. આમ, પાક કાપણી અખતરા આધારિત તાલુકવાર હેક્ટરદીઠ ઉપજના આંકડા તથા થ્રેશહોલ્ડ ઉપજ ની વિગતો ખાનગી પ્રકારની છે તેમજ તેનો દૂરપયોગ થઈ શકે તેવા પ્રકાર ની છે. જેથી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ ન- ૮(૧)(ક), ૮(૧)(ધ) તથા ૮(૧)(જ) અંતર્ગત પાક કાપણી અખતરાના તાલુકવાર હેક્ટરદીઠ ઉપજના આંકડા તથા થ્રેશહોલ્ડ ઉપજના આંકડાની માહિતી આપવાની રહેતી નથી. |